પોલીસ કમિશનરની કચેરી,શાહીબાગ,અમદાવાદ શહેર.
ટે.નં. : ૦૭૯-૨૫૬૨૦૦૫૩

E-Mail : lb-cp-ahd@gujarat.gov.in

ક્રમાંકઃ- જ/૬૫૬/લાયસન્સ શાખા/૨૧૭૫/૨૦૨૪ તા.૨૮/૧૦/૨૦૨૪

વિષય:-દારૂખાના બાબતે જરૂરી તકેદારી રાખવા અંગેની સુચનાઓ.

યાદી:

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે,ફટાકડા(દારૂખાના) બાબતે નીચે મુજબ સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

1. અત્રેની લાયસન્સ શાખા તરફથી હંગામી/કાયમી ફટાકડાના પરવાનાં આપવામાં આવે છે,જેમાં સંબંધીત પોલીસ સ્ટેશનનો અભિપ્રાય,ફાયર ખાતાની એન.ઓ.સી.ફટાકડા સંગ્રહ/વેચાણ ના પરવાના વાળી જગ્યાનો એપૂવ નકશો.પરવાનાવાળી જગ્યાનો તાજેતરનો ફોટોગ્રાફ,પરવાનેદાર કોઇ ગુનાહિત પ્રવુત્તિમાં સંડોવાયેલ છે કે કેમ? તેમજ પરવાનાવાળી જગ્યાની આજુબાજુ કોઇ રહેણાંક વસાહત છે કે કેમ? તેમજ આગ અકસ્માત થવાની સંભાવના છે કે કેમ? આગ લાગે તો ફાયર સેફ્ટીના શું-શું સાધનોની વ્યવસ્થા છે,અકસ્માત થાય તે બાબતેનો ઇન્શ્યોરન્સ લીધેલ છે કે કેમ? વિગેરે તમામ બાબતોની ચકાસણી કરવાની રહેશે.
2. દિવાળી તથા લગ્નવાળા સમયનાં કારણે દારૂખાનાનું ઉત્પાદન-વેચાણનો ધંધો કરવા ઇચ્છતા ઇસમો ધંધો કરવા પ્રેરાય છે.કેટલાંક લોકો દારૂખાના માટે જરૂરી પરવાના વગર અન્ય વેપાર ધંધાની સાથે દારૂખાનાનો વેપાર પણ શરૂ કરી દે છે. ઘણા સ્થળોએ ફુટપાથ પર,લારીઓમાં તેમજ હંગામી કાચા શેડ (મંડપ) રાખી દારૂખાનાનું વેચાણ કરવામાં આવે છે.તેમજ કાયદેસરનો પરવાનો ધરાવતા વ્યક્તિઓ પણ બીજા ધંધાની સાથે આ ધંધો કરતાં જોવા મળે છે.તથા ઘણીવાર ફટાકડાના ઉત્પાદન તથા વેચાણ કરતાઓ વધુ નફો રળી લેવા માટે,પરવાનામાં આપેલ જથ્થાની મંજુરી કરતાં વધુ જથ્થો દારુખાનાનો રાખી વેપાર ધંધો કરે છે અથવા તકેદારી માટે આપવામાં આવતી સુચનાઓનો પાલન કરતા નથી.જે બાબતે જાહેર જનતાના હિતને ધ્યાનમાં રાખી તથા જાહેર જનતાની સલામતી માટે તમામ સુચનાઓનો અમલ કરવો જરૂરી બને છે.
3. ફટાકડા(દારૂખાના) હંગામી/કાયમી પરવાનાવાળી જગ્યા,વેચાણની જગ્યા તથા સંગ્રહની જગ્યાને વખતો વખત ચેક કરવાની રહેશે. પરવાનો છે કે કેમ? તેમજ કાયદેસરનો પરવાનો હોય તો પરવાનાની શરતો મુજબ વેપાર ચલાવે છે કે કેમ તેની ચકાસણી કરવી અને કાયદેસરનો પરવાનો ન હોય તો તુરંત જ કાયદેસર કાર્યવાહી કરવી.જો કોઇ વ્યક્તિ પરવાના વિના દારૂખાનું વેચાણ કરતા હોય કે સંગ્રહ કરતા હોય તેમજ તેનો પરવાનો રીન્યુ ન થયેલ હોય અને વેપાર/ધંધો ચાલુ રાખેલ હોય તેમજ પરવાનાની કોઇ પણ શરતોનુ ભંગ કરતા માલુમ પડે તેમજ ફાયર સેફ્ટીના સાધનો રાખેલ ન હોય તેમજ આગ અકસ્માતની સામે સલામતીના કોઇ સંસાધનો રાખેલ ન હોય અથવા પરવાનામાં જણાવ્યા મુજબના જથ્થાની સામે જરૂરી હોય તેટલા પ્રમાણમાં આગ અકસ્માતની સામે સલામતીના કોઇ સંસાધનો રાખેલ ન હોય,તેવા સંજોગોમાં એક્ષપ્લોઝીવ એક્ટ-૧૮૮૪ તથા તેમાં વખતો વખતના સુધારાની જોગવાઇઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવી અને પરવાનેદારના પરવાનો રદ કરવા અત્રે તુરંત અહેવાલ મોકલી આપવાનો રહેશે.
4. દારૂખાનાનો પરવાનો કઇ તારીખ સુધી રીન્યુ થયેલ છે તેની ચકાસણી કરવી.
5. દારૂખાનાના પરવાનામાં જેટલો જથ્થો બતાવેલ છે તેટલા જ પ્રમાણમાં જથ્થો રાખેલ છે કે કેમ તેની ચકાસણી કરવી.પરવાનેદાર દ્વારા મંજુર કરેલ જથ્થા કરતા વધુ પ્રમાણમાં જથ્થો રાખી શકશે નહી.
6. ફાયરવિભાગની અધ્યતન એન.ઓ.સી.મેળવેલ છે કેમ? તેની ચકાસણી કરવી અને આ એન.ઓ.સી.કઈ તારીખ સુધી માન્ય છે તેની પણ ચકાસણી કરવી.

7. ફાયર સેફ્ટીના સંસાધનો રાખેલ છે કે કેમ તેની ચકાસણી કરવી.આગ અકસ્માતનો બનાવ ન બને તે માટે શું સંસાધનો રાખેલ છે તેની ચકાસણી કરવી.જે તે સ્થળે જરૂરીયાત મુજબના અગ્નિશામક સાધનો રાખેલ છે કે કેમ?અને તે રાખેલ સ્થળેથી તુરંતમાં ઉપયોગમાં લઈ શકાય તેમ છે કે કેમ? પરવાનામાં જણાવ્યા મુજબના જથ્થાની સામે જરૂરી હોય તેટલા પ્રમાણમાં આગ અકસ્માતની સામે સલામતીના કોઇ સંસાધનો છે તેની ખાત્રી કરવી.
8. પરવાનેદારની જગ્યાની આજુબાજુ રહેણાંક વસાહત છે કે કેમ તેની ચકાસણી કરવી અને આજુબાજુ રહેતા લોકોને કોઇ ખતરો છે કે કેમ તેની ચકાચણી કરવી.
9. એરપોર્ટ,ગેસ-ગોદામ,કેરોસીન ડેપો,પેટ્રોલ પંપ,પેટ્રોલ-ડીઝલ સ્ટોરેજ,સ્કુલ,હોસ્પિટલ,લોકોના અવર-જવર તથા ભીડભાડ વાળી જગ્યાઓમાં કોઇ આગ કે દુર્ઘટના ન થાય તેની તકેદારી રાખવી.
10. કોઈપણ વ્યક્તિ (પરવાનેદાર સહિત) હંગામી કાચા શેડ (મંડપ) બનાવી, દુકાનની આગળની ખુલ્લી જગ્યામાં(દુકાનની બહાર), અથવા જાહેર માર્ગ ઉપર, ફુટપાથ ઉપર, દારુખાનું ગોઠવીને ધંધો કરી શકાશે નહી.
11. પરવાનાવાળા સ્થળમાં ઓપન વાયરીંગ,ફાનસ,પેટ્રોમેક્ષ,ગેસ-લાઇટ,ખુલ્લા પ્રજવલીત,દીવા,બીડી.સીગારેટનો ઉપયોગ ન કરવામાં આવે તથા આ બાબતે જાગ્રુતતા હોય તેની પણ ચકાસણી કરવી. તેમજ દુકાનનાં આગળના ભાગે દારુખાનાનાં ભરેલા કે ખાલી ખોખા મુકવા દેવા નહી અને દારુખાનાનો જથ્થો માળીયા ઉપર રાખી શકાશે નહી.
12. સાયલેન્સ ઝોનમાં દારુખાનું ફોડવા દેવું નહી.
13. નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષની રિટ પિટીશન (સિવીલ) નંબર/૭૨૮/૨૦૧૫ માં તારીખ ૨૩/૧૦/૨૦૧૮ (એનેક્ષર-૧), તારીખ ૩૦/૧૦/૨૦૧૮ અને તારીખ ૩૧/૧૦/૨૦૧૮ (એનેક્ષર-૦૨) ના રોજ થયેલ આદેશો તથા નામદાર સુપ્રિમકોર્ટના તારીખ ૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલા ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે તથા નીચે મુજબની પેટા સુચનાઓ પણ ધ્યાને લેવી:
    I. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ માટે ખુબજ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint Fire Crackers, Series Crackers or Laris) ઉપર નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
    II. નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમીશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફૂટાકડાના ઉત્પાદન અને વેચાણ ઉપર નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
    III. તમામ ઈ-કોમર્સ વેબસાઇટને ઓનલાઇન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.
    IV. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.
14. ફટાકડા ઉત્પાદન અને સ્ટોરેજ ધરાવતા પરવાનેદારના સ્થળનું અવાર-નવાર જે તે વિસ્તારના ચોકી પો.સ.ઈ. તથા પો.ઇન્સ શ્રીએ અસરકારક પેકીંગ કરવું અને એક્ષપ્લોઝીવ રૂલ્સની જોગવાઈ મુજબ અસરકારક અમલ કરાવવો. તા.૦૯.૦૯.૦૫ ખાડીયા ફટાકડા માર્કેટમાં આગ લાગતાં એક ઇસમનું મરણ થયેલ હતુ.
    તા.૦૭.૧૧.૦૭ના રોજ માણેકચોકમાં ફુટપાથ ઉપર ફટાકડાનું વેચાણ થતું હોય આગનો બનાવ બનવા પામેલ. તાજેતરમાં જ વિકાસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-શહેરકોટડા ખાતે મે-૨૦૨૨ દરમ્યાન આગનો બનાવ બનેલ છે.જેથી આ પ્રમાણેના કોઈ અનિચ્છનીય બનાવો ન બને તથા જાહેર શાંતિ અને સલામતીને લક્ષમાં રાખીને તમામ અધિકારી શ્રીઓને સૂચના આપવામાં આવે છે કે ઉપરોકત સુચનાઓનું સખત પાલન થાય અને જાહેરમાં રોડ ઉપર ફુટપાથ ઉપર વારીઓમાં ગેરકાયદેસર થતા ફટાકડાનું વેચાણ અંગે કાયદેસર પગલાં લેવા અને કોઈપણ સંજોગોમાં રોડ ઉપર લારીઓમા ફુટપાથ ઉપર ફટાકડાનું વેચાણ ન થાય તેની તકેદારી રાખવી.
15. ખાસ જોખમકારક સ્ફોટક દ્રવ્યોના મિશ્રણથી બનાવેલ હોય તેવા ફટાકડાનું ઉત્પાદન,કબજી આયાત વેચાણ કરવા મનાઈ છે.એક્ષપ્લોઝીવ એક્ટ - ૧૮૮૪ ની કલમ - ૬. કલમ - ૧૮, કલમ - ૯(બી)(૨)ની જોગવાઇઓનું પાલન થાય તે તમામ પોલીસ અધિકારીશ્રીએ કાળજી રાખવી.
16. ઉપરોક્ત તમામ બાબતોને સંબધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી નાઓએ ચકાસણી કરવાની રહેશે અને તાબાના વિસ્તારમાં ફટાકડા(દારૂખાના) વેચતા સ્થળોએ કોઈ આગ કે અકસ્માત બનવા ન પામે તેની ચુસ્ત તકેદારી રાખવાની રહેશે. ઉપરોકત સુચનાઓ અંગે તાત્કાલિક કાર્યવાહી કરી જરૂરી તકેદારીના પગલાં લઈ એકસ્પ્લોજીવ એકટ-

૧૮૮૪ અંતર્ગત ગુનાહિત જણાતી કોઇપણ બેદરકારી કે બેજવાબદારી ધ્યાનમાં આવે તો તુર્તજ કાયદેસરનાં પગલાં લઈ તેની જાણ અત્રેની કચેરીએ કરવામાં આવે. આમ છતા જો કોઈ ગેરરીતી જણાઇ આવશે અથવા જાહેર સલામતી જોખમાઈ તેવાં કોઈ બનાવ બનશે કે જાહેર જનતા તરફથી આ બાબતે કોઇ ગેરરીતી આચરતી હોવાની હકિકત અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવશે અથવા કોઇપણ પ્રકારનાં આગ, અકસ્માતનાં બનાવો બનશે અને થાણા ઈન્ચાર્જ શ્રીની બેદરકારી જણાઈ આવશે તો બનાવ બાબતે થાણા ઇન્ચાર્જ શ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે જેની નોંધ લેવી.

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશ્નર,
(ટ્રાફીક), અમદાવાદ શહેર

પ્રતિ,
પોલીસ ઇન્સ્પેકટરશ્રી,
તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર
૨/- ચુસ્તપણે અમલ કરવા/કરાવવા સારૂ.

<u>નકલ સવિનય રવાના :</u>

૧. ખાસ પોલીસ કમિશનરશ્રી, વિશેષ શાખા/સેક્ટર-૨, અમદાવાદ શહેર.

<u>નકલ રવાના :</u>

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર
૨. અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૧, અમદાવાદ શહેર
3 નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ થી ૭ તથા ક્રાઈમ બ્રાન્ચ, ટ્રાફિક બ્રાન્ચ, અમદાવાદ શહેર